# જિલ્લા પંચાયત કચેરી,પોરબંદર

## કાયદા સલાહકારની કરાર આધારિત જગ્યાની ભરતી

જિલ્લા પંચાયત કચેરી, પોરબંદર ખાતે કાયદા સલાહકારની જગ્યા પ્રારંભિક ૧૧ માસ માટે કરાર આધારીત ધોરણે ભરવા માટે ઈચ્છુક ઉમેદવારો પાસેથી નીચેની વિગતે નિયત નમુનામાં અરજી મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| જગ્યાનું નામ | કાયદા સલાહકાર |
| જગ્યાની સંખ્યા | ૦૧ |
| શૈક્ષણિક લાયકાત | (૧) ઓછામાં ઓછી ભારતની માન્ય યુનિવર્સિટીમાં કાયદાના સ્નાતકની ડીગ્રી ધરાવતાં હોવા જોઇએ.<br>(૨) કાયદાની પ્રેક્ટીસ માટે માન્યતા પ્રાપ્ત હોવા જોઇએ.<br>(3) CCC+ level કોમ્પ્યુટર કૌશલ્યનું જ્ઞાન ધરાવતાં હોવા જોઇએ. |
| અનુભવ | (૧) હાઇકોર્ટની સબ ઓર્ડીનેટ કોર્ટમાં પ્રેક્ટીસીંગ એડવોકેટ અથવા એટર્ની અથવા સરકારી વકીલ તરીકે ઓછામાં ઓછો ૫ વર્ષનો પ્રેક્ટીસીંગ એડવોકેટ તરીકેનો અનુભવ ધરાવતાં હોવા જોઇએ.અથવા<br>(૨) નામદાર ગુજરાત હાઇકોર્ટમાં પ્રેક્ટીસીંગ એડવોકેટ અથવા એટર્ની અથવા સરકારી વકીલ તરીકે ઓછામાં ઓછો ૫ વર્ષની વકીલાતનો અનુભવ અથવા<br>(૩) સ્થાનિક સંસ્થાઓ અથવા સરકારી ઉપક્રમ બોર્ડ/કોર્પોરેશન અથવા કાયદા દ્વારા સ્થાપિત લીમીટેડ કંપનીમાં કાનુની બાબતોનો પાંચ વર્ષનો અનુભવ /- |
| વયમર્યાદા | ૫૦ વર્ષ |
| પગાર ધોરણ | માસીક પગાર રૂ.૬૦,૦૦૦/- (ફિક્સ) |

અન્ય વિગતોઃ-

૧) બાર કાઉન્સીલ ઓફ ગુજરાત તથા બાર કાઉન્સીલ ઓફ ઇન્ડીયામાં નોંધણી હોવી ફરજીયાત છે.

૨) ગુજરાતી અને અંગ્રેજી બંન્ને ભાષા પરનુ પ્રભુત્વ ઇચ્છનીય છે.

૩) આ જાહેરાત સંદર્ભે અરજી પત્રકનો નમુનો, શૈક્ષણિક લાયકાત, અનુભવ, શરતો તથા અન્ય વિગતોની માહિતી જિલ્લા પંચાયત – પોરબંદરની વેબસાઇટ https://porbandardp.gujarat.gov.in પરથી મેળવી શકાશે.

૪) ઉમેદવારે સંપુર્ણ વિગતો સાથે ભરાયેલ અરજી પત્રક જરૂરી પ્રમાણપત્રોની સ્વ પ્રમાણિત નકલ સાથે જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી દિન – ૧૫ સુધીમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, એસ.ટી. બસ સ્ટેન્ડની સામે, પોરબંદરના સરનામે મળી જાય તે રીતે રજિસ્ટર પોસ્ટ એ.ડી મારફત મોકલવાના રહેશે.

૫) અરજીપત્રકના કવર ઉપર "કાયદા સલાહકારની નિમણૂંક અરજી" લખવાનુ રહેશે.

૬) અધુરી વિગતો વાળી અરજી તેમજ નિયત સમયમર્યાદા બાદ મળેલી અરજીઓ વિચારણામાં લેવામાં આવશે નહીં.

૭) ઉમેદવારો પૈકી યોગ્ય ઉમેદવારની પસંદગી જિલ્લા કક્ષાની પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે. જે અન્વયેની કસોટીમાં કોમ્પ્યુટર કૌશલ્યની ચકાસણી, લેખિત પ્રશ્નોત્તરી, પેરાવાઇઝ રીમાર્કસ તથા ઇન્ટરવ્યુના આધારે ઉમેદવારની પસંદગી કરવામાં આવશે.

૮) કામગીરી સંતોષકારક ન હોવાના કિસ્સામાં કરાર રદ કરવાની સત્તા તથા આ જાહેરાત બાબતે તમામ અબાધિત અધિકારો જિલ્લા વિકાસ અધિકારી, પોરબંદર હસ્તકના રહેશે.

-સહિ-

તા. /૦૫/૨૦૨૬ જિલ્લા વિકાસ અધિકારી,

પોરબંદર

District Development Offic
Porbandar

અરજી પત્રનો નમુનો

## જિલ્લા પંચાયત પોરબંદર ખાતે "કાયદા સલાહકાર" ની ૧૧ માસના કરાર આધારીત જગ્યા માટેની અરજી

પ્રતિ
માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
જિલ્લા પંચાયત કચેરી,
એસ.ટી.બસ સ્ટેન્ડની સામે, પોરબંદર

| પાસપોર્ટ ફોટો ચોંટાડવો |
|---|

| | | |
|---|---|---|
| ૧ | ઉમેદવારનું નામ (અટક, નામ,પિતા/પતિનું નામ) | |
| ૨ | જન્મ તારીખ<br>અરજીની તારીખે ઉંમર (મહત્તમ ૫૦ વર્ષ) | વર્ષ .............. માસ........... |
| ૩ | જાતિ | (૧) સ્ત્રી (૨) પુરૂષ (૩) અન્ય |
| ૪ | હાલના રહેઠાણનું સરનામું | |
| ૫ | કાયમી રહેઠાણનું સરનામું | |
| ૬ | મોબાઇલ નંબર | |
| ૭ | ઇ-મેઇલ એડ્રેસ | |
| ૮ | ભાષાની જાણકારી | (૧) ગુજરાતી (૨) હિન્દી (૩) અંગ્રેજી (૪) અન્ય |

શૈક્ષણિક લાયકાતની વિગત

| ક્રમ | લાયકાત | યુનિવર્સિટી/બોર્ડ | વિષય | ટકા | પાસ કર્યાનું વર્ષ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | |
| ૨ | | | | | | |

કાયદાની વધારાની શૈક્ષણિક લાયકાત

| ક્રમ | લાયકાત | યુનિવર્સિટી/બોર્ડ | વિષય | ટકા | પાસ કર્યાનું વર્ષ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | |
| ૨ | | | | | | |

CCC+ કોમ્પ્યુટર જાણકારીની વિગત

| ક્રમ | લાયકાત | યુનિવર્સિટી/બોર્ડ | વિષય | ટકા | પાસ કર્યાનું વર્ષ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | |

## કાયદાકીય પ્રેક્ટીસ / અનુભવની વિગતો

| | | |
|---|---|---|
| ૧ | બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના નોંધણી નંબર | |
| ૨ | બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાના નોંધણી નંબર | |
| ૩ | પ્રેક્ટીસીંગ એડવોકેટ તરીકેના અનુભવનો સમયગાળો વર્ષમાં (ન્યુનત્તમ ૦૫ વર્ષ) | |
| ૪ | ક્રમ નં.૩ પૈકી નામદાર હાઈકોર્ટમાં વકીલાતનો અનુભવ - વર્ષમાં (ન્યુનતમ- ૦૫ વર્ષ) અથવા<br>સ્થાનિક સંસ્થાઓ અથવા સરકારી ઉપક્રમ બોર્ડ/કોર્પોરેશન અથવા કાયદા દ્વારા સ્થાપિત લીમીટેડ કંપનીમાં કાનુની બાબતોનો ૫ વર્ષનો અનુભવ - વર્ષમાં (ન્યુનતમ ૦૫ વર્ષ) (જે તે સંસ્થા તરફથી પ્રમાણપત્ર મેળવીને સામેલ રાખવા) | |
| ૫ | સરકારી વિભાગોમાં પેનલ એડવોકેટ તરીકે નિમાયા હોવ/ચાલુ હોવ તો તેવી કચેરીના નામ (જે કચેરી તરફથી પ્રમાણપત્ર મેળવીને સામેલ રાખવા) | |
| ૬ | અગાઉ P.P/A.G.P & Ad.P.P/Subordinate GP કે કાયદા અધિકારી તરીકે કામગીરી કરેલ હોય તો તેની વિગત અને સમયગાળો (આધારો સામેલ રાખવા) | |
| ૭ | નામ.સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયામાં વકીલાતનો અનુભવ વર્ષમાં અન્ય કોઈ વિગત (જો હોય તો) | |
| ૮ | છેલ્લા પાંચ વર્ષમાં કેટલા ક્રિમીનલ કેસો ચલાવ્યા ? (સંખ્યા) | |
| A | કેટલા કેસોમાં વકીલાત કરી (સંખ્યા) | |
| B | કેટલા કેસોમાં સફળતા મળી (સંખ્યા) | |
| C | કેટલા કેસોમાં અપીલ અરજી દાખલ કરી (સંખ્યા) | |
| D | કેટલી અપીલ અરજીઓમાં સફળતા મળી (સંખ્યા) | |
| E | કેટલી પરચુરણ અરજીઓ દાખલ કરી (સંખ્યા) | |
| F | કેટલી પરચુરણ અરજીઓમાં સફળતા મળી (સંખ્યા) | |
| ૯ | છેલ્લા પાંચ વર્ષમાં કેટલા સીવીલ કેસો ચલાવ્યા (સંખ્યા) | |
| A | કેટલા સીવીલ સ્યુટ કેસો દાખલ કર્યા (સંખ્યા) | |
| B | કેટલા સીવીલ સ્યુટમાં સફળતા મળી (સંખ્યા) | |
| C | કેટલા સીવીલ સ્યુટના ઠરાવ સામે અપીલ અરજી દાખલ કરી (સંખ્યા) | |
| D | સીવીલ સ્યુટની કેટલી અપીલ અરજીઓમાં સફળતા મળી (સંખ્યા) | |
| E | સરકારી વિભાગો/કચેરીઓ તરફી કુલ કેટલા કેસો ચલાવવામાં આવ્યા. (સંખ્યા) | |
| F | સરકારી વિભાગો/કચેરીઓ તરફી કુલ કેટલા કેસોમાં સરકારની તરફેણમાં નિર્ણય આવ્યા. (સંખ્યા) | |

(નોંધ : ક્રમ નં.૮ (a) થી (f) તથા ક્રમ નં.૯ (a) થી (f) ની વિગતોનું પત્રક સામેલ રાખવાને બદલે જે તે ક્રમ સામે ફક્ત તે સંખ્યા લખવી)

## બાહેંધરી / એકરાર

| | | |
|---|---|---|
| ૧ | ગુજરાતી, હિન્દી, તથા અંગ્રેજી ભાષાનું પુરતું જ્ઞાન ધરાવતાં હોવા અંગેનું બાહેંધરી ખત (પરિશિષ્ટ-૧) | સામેલ છે ? હા/ના |
| ૨ | અરજી ફોર્મમાં ભરેલ તમામ વિગતો સાચી હોવા અંગેનું એકરારનામુ (પરિશિષ્ટ-૨) | સામેલ છે ? હા/ના |
| ૩ | રહેઠાણ અને કાયદા સલાહકાર તરીકેના ફરજના સ્થળ અંગેનું એકરારનામુ (પરિશિષ્ટ-૩) | સામેલ છે ? હા/ના |
| ૪ | ફોજદારી કેસ/ ફરીયાદ, ગેરવર્તણુંક અંગેનું એકરારનામુ (પરિશિષ્ટ-૪) | સામેલ છે ? હા/ના |
| ૫ | કાયદા સલાહકારની જગ્યા માટેની લાયકાત, પસંદગીનું ધોરણ, ફરજો, કામગીરી તથા બોલીઓ અને શરતો વાંચ્યા, સમજ્યા હોવા અને સ્વિકાર હોવા અંગેનું એકરારનામુ (પરિશિષ્ટ-૫) | સામેલ છે ? હા/ના |

## આધાર / બિડાણ ( હા કે ના લખવું)

| ક્રમ | વિગત | સામેલ છે ? |
|---|---|---|
| ૧ | નામ અંગેના પુરાવાની નકલ ( આધાર કાર્ડ/પાન કાર્ડ/ચૂંટણી કાર્ડ/અન્ય) | |
| ૨ | કાયમી સરનામા અંગેના પુરાવાની નકલ ( આધાર કાર્ડ/પાન કાર્ડ/ચૂંટણી કાર્ડ/અન્ય) | |
| ૩ | જન્મ તારીખના પુરાવાની નકલ ( જન્મનું પ્રમાનપત્ર/ સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ/અન્ય) | |
| ૪ | કાયદાની પદવી (સ્નાતક) નું પ્રમાણપત્રની નકલ | |
| ૫ | કાયદાની પદવી (અનુ સ્નાતક) નું પ્રમાણપત્રની નકલ | |
| ૬ | CCC+ કોમ્પ્યુટર કૌશલ્યના પ્રમાણપત્રની નકલ | |
| ૭ | અન્ય કોઇ ખાસ લાયકાત (જો ધરાવતાં હોવ તો) પ્રમાણપત્રની નકલ | |
| ૮ | બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના નોંધણીનું પ્રમાણપત્રની નકલ | |
| ૯ | બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાના નોંધણીનું પ્રમાણપત્રની નકલ | |
| ૧૦ | પ્રેક્ટીસીંગ એડવોકેટ તરીકેના અનુભવના પ્રમાણપત્રની નકલ | |
| ૧૧ | નામદાર ગુજરાત હાઇકોર્ટમાં વકીલાતનો અનુભવના પ્રમાણપત્રની નકલ | |
| ૧૨ | નામદાર સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડીયામાં વકીલાતનો અનુભવ ( જો હોય તો) પ્રમાણપત્રની નકલ | |
| ૧૩ | સરકારી વિભાગો/ વિભાગીય કચેરીઓમાં સરકારશ્રી વતી નામ.હાઇકોર્ટ/નામ.સુપ્રીમ કોર્ટમાં બચાવની કામગીરીના અનુભવના પ્રમાણપત્રની નકલ | |
| ૧૪ | સરકારી વિભાગોમાં પેનલ એડવોકેટ તરીકે નિમાયા હોવ/ચાલુ હોવ તો તેવી કચેરીના પ્રમાણપત્રની નકલ | |
| ૧૫ | અગાઉ P.P/A.G.P & Ad.P.P/Subordinate GP કે કાયદા અધિકારી તરીકે કામગીરી કરેલ હોય તો તેની વિગતની નકલ | |
| ૧૬ | પરિશિષ્ટ ૧ થી ૫ અસલમાં | |
| ૧૭ | અન્ય કોઇ વિગત ( જો હોય તો) ના આધાર /પ્રમાણપત્રની નકલ | |

આથી હું નીચે સહી કરનાર બાહેંધરી આપું છું કે, ઉપરોક્ત તમામ માહિતી મારી જાણ મુજબ સાચી અને ખરી છે. જો કોઇપણ તબક્કે મારા દ્વારા જણાવેલ વિગતો ખોટી ઠરશે તો મારી નિમણુંક રદ થવાને પાત્ર બનશે. તથા આ જાહેરાત સંદર્ભની તમામ બોલીઓ અને શરતો મે વાંચી છે અને તે મને મંજુર અને બંધનકર્તા રહેશે.

તારીખ :

સ્થળ : ઉમેદવારની સહી

# પરિશિષ્ટ-૧

**જિલ્લા પંચાયત, પોરબંદરની કચેરી માટે કાયદા સલાહકારની ૧૧ માસના કરાર આધારીત જગ્યા માટેની અરજી સાથે જોડવાનું ગુજરાતી, હિન્દી, તથા અંગ્રેજી ભાષાનું પુરતું જ્ઞાન ધરાવતાં હોવા અંગેનું એકરારનામું**

---

નામ : ..........................................................

રહે : ..........................................................

આથી હું બાહેંધરી આપું છું કે, મે જિલ્લા પંચાયત, પોરબંદરની કચેરીમાં કાયદા સલાહકારની જગ્યા પર ૧૧ માસના કરાર આધારીત નિમણંક માટે અરજી કરેલી છે. અને આ કામ માટે આવશ્યક છે એવી, ગુજરાતી, હિન્દી, તથા અંગ્રેજી ભાષા બોલવા, વાંચવા અને લખવા માટેનું પુરતું જ્ઞાન હું ધરાવું છું. જેની ખાત્રી બદલ હું નીચે સહી કરું છું.

તારીખ :

સ્થળ : ઉમેદવારની સહી

# પરિશિષ્ટ-૨

જિલ્લા પંચાયત, પોરબંદરની કચેરી માટે કાયદા સલાહકારની ૧૧ માસના કરાર આધારીત જગ્યા માટેની અરજી સાથે જોડવાનું અરજી ફોર્મમાં ભરેલ તમામ વિગતો સાચી હોવાં અંગેનું એકરારનામું

નામ : ..................................................

રહે : ..................................................

આથી હું બાહેંધરી આપું છું કે, મે જિલ્લા પંચાયત, પોરબંદરની કચેરીમાં કાયદા સલાહકારની જગ્યા પર ૧૧ માસના કરાર આધારીત નિમણુંક માટે અરજી કરેલી છે. અને આ કામ માટે ભરેલ અરજી ફોર્મમાં ભરેલ તમામ વિગતો સાચી અને સચોટ છે. તેમજ આ અંગેના મેં રજુ કરેલ તમામ આધારો સાચા છે. જેની ખાત્રી બદલ હું નીચે સહી કરું છું.

તારીખ :

સ્થળ :

ઉમેદવારની સહી

# પરિશિષ્ટ-૩

જિલ્લા પંચાયત, પોરબંદરની કચેરી માટે કાયદા સલાહકારની ૧૧ માસના કરાર આધારીત જગ્યા માટેની અરજી સાથે જોડવાનું રહેઠાણ અને કાયદા સલાહકાર તરીકેના ફરજના સ્થળ અંગેનું એકરારનામું

---

નામ : ..................................................................

રહે : ..................................................................

આથી હું બાહેંધરી આપું છું કે, મે જિલ્લા પંચાયત, પોરબંદરની કચેરીમાં કાયદા સલાહકારની જગ્યા પર ૧૧ માસના કરાર આધારીત નિમાણુંક માટે અરજી કરેલી છે. અને આ કામ માટે

(૧) મે, મારુ રહેઠાણ પોરબંદર મુખ્યમથક ઉપર રાખેલ છે. જેનું સરનામું ઉપર દર્શાવ્યા મુજબ છે.

(૨) મારે જિલ્લા પંચાયત, પોરબંદર મુખ્યમથક ઉપર ફરજ બજાવવાની રહેશે. તેમજ અધિકૃત અધિકારીની પરવાનગી વગર હું કાર્યમથક છોડીશ નહીં.

તારીખ :

સ્થળ : ઉમેદવારની સહી

# પરિશિષ્ટ-૪

**જિલ્લા પંચાયત, પોરબંદરની કચેરી માટે કાયદા સલાહકારની ૧૧ માસના કરાર આધારીત જગ્યા માટેની અરજી સાથે જોડવાનું ફોજદારી કેસ/ફરીયાદ, ગેરવર્તણૂક અંગેનું એકરારનામું**

નામ : ............................................................

રહે : ............................................................

આથી હું બાહેંધરી આપું છું કે,

(૧) મારી સામે આજદીન સુધી કોઇપણ ફોજદારી કેસ, કોઇપણ અદાલતમાં થયેલ નથી, કે તેવો કોઇ કેસ જારી નથી. (જો કોઇ ફોજદારી કેસ જારી હોય અથવા ભુતકાળમાં થયેલહોય તો તેનો કેસ નં., તે કયા કારણસર થયેલ, તે કઇ અદાલતમાં થયેલ અને તેમાં શું પરિણામ આવેલું વિગેરે લાગુ પડતી વિગતો આપવી)

(૨) મારી સામે બાર કાઉન્સીલ ઓફ ઇન્ડિયા કે કોઇપણ રાજ્યની બાર કાઉન્સીલ દ્વારા વ્યવસાયિક ગેરવર્તણૂક માટે કોઇ કાર્યવાહી થયેલ નથી કે તેવી કાર્યવાહી જારી નથી. (જો તેવી કાર્યવાહી જારી હોય અથવા ભુતકાળમાં થયેલ હોય તો તેની સંપુર્ણ વિગત આપવી)

(૩) મારી વિરૂધ્ધ ઉપરોક્ત રીતે કોઇ કાર્યવાહી થયેલ હશે અથવા ઉપરોક્ત વિગતો ખોટી દર્શાવેલ હશે તો હું નિમણૂંક મેળવવા પાત્ર રહીશ નહીં અને જો નિમણૂંક થયેલ હશે તો તે રદ થવાને પાત્ર રહેશે.

જેની ખાત્રી બદલ હું નીચે સહી કરું છું.

તારીખ :

ઉમેદવારની સહી

સ્થળ :

# પરિશિષ્ટ-૫

જિલ્લા પંચાયત, પોરબંદરની કચેરી માટે કાયદા સલાહકારની ૧૧ માસના કરાર આધારીત જગ્યા માટેની અરજી સાથે જોડવાનું કાયદા સલાહકારની જગ્યા માટેની લાયકાત, પસંદગીનું ધોરણ, ફરજો, કામગીરી તથા બોલીઓ અને શરતો વાંચ્યા, સમજ્યા હોવા અને સ્વિકાર હોવા અંગેનું એકરારનામુ

---

નામ : ......................................................

રહે : ......................................................

આથી હું બાહેંધરી આપું છું કે, મે જિલ્લા પંચાયત, પોરબંદરની કચેરીમાં કાયદા સલાહકારની જગ્યા પર ૧૧ માસના કરાર આધારીત નિમાણુંક માટે અરજી કરેલી છે. અને આ જગ્યા માટેની લાયકાત, પસંદગીનું ધોરણ, ફરજો, કામગીરી, બોલીઓ અને શરતો વાંચ્યા, સમજ્યા છે અને તે મને મંજુર અને બંધનકર્તા રહેશે. જેની ખાત્રી બદલ હું નીચે સહી કરું છું.

તારીખ :

સ્થળ : ઉમેદવારની સહી

સામાન્ય સુચનાઓ

1. આ જાહેરાત સંદર્ભે થનાર નિમાણુંક તદ્દન હંગામી ધોરણે (૧૧ માસ કરાર આધારીત) કરવામાં આવશે.
2. અરજી ફોર્મનો નમુનો જિલ્લા પંચાયત પોરબંદરની વેબસાઇટ https://porbandardp.gujarat.gov.in ઉપર મુકવામાં આવેલ છે તે નમુનામાં જ અરજી ટાઇપ કરાવીને કરવાની રહેશે.
3. ઉમેદવારે અરજી જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પંચાયત કચેરી, એસ.ટી.બસ સ્ટેન્ડની સામે, પોરબંદરને મોકલી આપવાની રહેશે.
4. ઉમદવારે અરજી આર.પી.એ.ડી દ્વારા જ મોકલી આપવાની રહેશે. અન્ય કોઇ રીતે જેમ કે કુરીયર, રૂબરૂ રીતે આવેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી. અને અરજીપત્રના કવર ઉપર “કાયદા સલાહકારની નિમણુંક અરજી” એમ સ્પષ્ટ લખવું.
5. ઉમેદવાર માન્ય યુનિવર્સિટી/સંસ્થામાથી લાયક પદવી ધરાવતો હોવો જોઇએ.
6. ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષા ઉપરનું પ્રભુત્વ હોવું જોઇએ.
7. ઉમેદવાર બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં અને બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયામાં નોંધણી ધરાવતો હોવો જોઇએ. અને તેની સનદની નકલ અરજી સાથે અચુક રજુ કરવી.
8. ઉમેદવારે પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો અરજી ફોર્મમાં અચુક લગાવવાનો રહેશે.
9. ઉમેદવારે અરજી સાથે શૈક્ષણિક લાયકાત, ઉંમર તથા અનુભવ વિગેરે અંગેના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો ફરજીયાત પણે સામેલ કરવાની રહેશે.
10. લઘુત્તમ લાયકાત પ્રાપ્ત કર્યા બાદના અનુભવને ગણતરીમાં લેવામાં આવશે.
11. જે નામદાર કોર્ટમાં પ્રેક્ટીસ કરી હોય તે કોર્ટના પ્રિન્સીપલ જજ સાહેબશ્રી અથવા રજીસ્ટ્રારશ્રી દ્વારા પ્રેક્ટીસ કર્યાનું પ્રમાણપત્ર ફરજીયાત અરજી સાથે રજુ કરવાનું રહેશે.
12. અન્ય કોઇ સરકારી કચેરી કે અર્ધસરકારી કચેરીમાં અનુભવ માટે સંબધિત કચેરી દ્વારા આપવામાં આવેલ નિમણુંક તારીખ તથા પુર્ણ થતાં તારીખ સાથેના પ્રમાણપત્ર ફરજીયાત અરજી સાથે રજુ કરવાનું રહેશે.
13. અનુભવ બાબતે જરૂરી પ્રમાણપત્રો રજુ ન થવાના કિસ્સામાં અરજી રદબાતલ કરવામાં આવશે.
14. ઉમેદવારે અરજીપત્રકમાં તમામ વિગતો ભરવાની રહેશે. અધુરી વિગતોવાળી અરજી, નિયત નમુનામાં ન હોય તેવી અરજી, અધુરા પ્રામણપત્રો, તેમજ છેલ્લી તારીખ બાદ મળેલ અરજીઓ અમાન્ય ગણવામાં આવશે.
15. અરજીપત્રમાં દર્શાવેલ તમામ વિગતોમાં બાદમાં કોઇપણ સંજોગોમાં ફેરફાર કરવા દેવામાં આવશે નહી.
16. આ જાહેરાત સંદર્ભે લેવાનાર નિર્ણયો કે સુચનાઓ જિલ્લા પંચાયતની વેબસાઇટ ઉપર વખતોવખત મુકવામાં આવશે. જેની ઉમેદવારે જાતે વેબસાઇટની મુલાકાત લઇ ચકાસણી કરવાની રહેશે. તે માટે અલગથી કોઇ જાણ કરવામાં આવશે નહી.
17. જાહેરાતમાં દર્શાવેલ ઓછામાં ઓછી લાયકાત ઉપરાંત કાયદાની ઉચ્ચ શૈક્ષણિક લાયકાત અને વધુ અનુભવ ધરાવતાં ઉમેદવારોને પસંદગીમાં અગ્રિમતા આપવામાં આવશે.
18. આ અરજી ફક્ત ઉમેદવારી નોંધાવવા પુરતી સિમીત રહેશે. અરજી કરવાથી ઉમેદવારની પસંદગી થઇ ગયેલ છે તેમ માની લેવાનું રહેશે નહી.
19. જરૂર જણાયે આ જગ્યા માટે ઉમેદવારની પસંદગી માટે લેખિત પરીક્ષા યોજવી કે મૌખિક ઇન્ટરવ્યુ રાખવું કે સીધી પસંદગી કરવી તે અંગે તમામ અબાધિત અધિકારો આ અંગે બનાવેલ પસંદગી સમિતિને રહેશે. લેખિત પરિક્ષા/ મૌખિક ઇન્ટરવ્યુ યોજાવાના કિસ્સામાં કચેરી દ્વારા મુસાફરી કે અન્ય કોઇ ખર્ચ આપવામાં આવશે નહી. ઉમેદવારે સ્વ-ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.
20. આવેલ અરજીઓમાથી પસંદગી પરત્વે તમામ હક્કો પસંદગી સમિતિને આધીન રહેશે.
21. ઉમેદવારે અથવા તેના વતી કોઇપણ વ્યક્તિ લાગવગનો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઉપયોગ કરશે તો તેવા ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે.

22. ઉમેદવારે કોઇપણ વિગત ખોટી બતાવેલ હશે અથવા ભરતી અથવા ભરતી પ્રક્રિયા દરમિયાન ખોટી માલુમ પ… તેમની અરજી તે તબક્કે રદ કરવામાં આવશે. ઉમેદવારની પસંદગી થયેલ હશે તો તે નિમણુંક રદ ગણાશે. તે… ભવિષ્યમાં ઉમેદવારે નિમણૂક સમયે રજુ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, અનુભવ અન્ય વિગેરે પુરાવા ખોટા માલુમ પડશે કે શંકાસ્પદ જણાશે તો નિમણુંક પામેલ ઉમેદવાર વિરૂધ્ધ નિયમોનુસાર કાયદેસરની કાર્યવાહી કરી નિમણુંક રદ કરવામાં આવશે.

23. આપેલ જાહેર ખબર કે ભરતી કોઇ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેવા સંજોગોમાં સંપુર્ણ હક્ક/અધિકાર અત્રેની કચેરીના રહેશે. જે બાબતની કોઇ પણ પ્રકારની સ્પષ્ટતા આપવા અત્રેની કચેરી બંધાયેલ નથી.

<u>બોલીઓ અને શરતો</u>

1. આ જાહેરાત સંદર્ભે થનાર નિમણુંક તદ્દન હંગામી ધોરણે (૧૧ માસ કરાર આધારીત) કરવામાં આવશે. અને આ જગ્યા માટે નિયત કરવામાં આવેલ માસિક ફિક્સ પગાર મળશે.
2. કાયદા સલાહકારએ નિમણુંક પત્ર મળ્યા તારીખથી દિન-૭માં જિલ્લા પંચાયત ખાતે હાજર થવાનું રહેશે. જો તેઓ તેમ કરવામાં નિષ્ફળ જશે તો, તેઓને આ નિમણુંક સ્વિકાર્ય નથી તેમ ગણીને આગળની કાર્યવાહી કરવામાં આવશે.
3. નિમણુંક કરારના ધોરણે ગણવામાં આવશે. અને કરારની મુદત ૧૧ માસની રહેશે. કરારની મુદત પુર્ણ થયેથી અપાયેલ નિમણુંકનો આપોઆપ અંત આવેલો ગણાશે.
4. નિમણુંક પામેલ ઉમેદવારે કચેરી દ્વારા નિયત કરાયેલ નમુનામાં બાહેંધરી આપવાની રહેશે.
5. કાયદા સલાહકારની જગ્યા પર માસિક રૂ.૬૦૦૦૦/- ના એકત્રીત વેતન પર કોઇપણ જાતના ભથ્થા કે પગાર પંચના લાભો મળવાપાત્ર થશે નહી. તથા વચગાળાની રાહત તથા બીજા લાભો મળવા પાત્ર થશે નહી.
6. કરારના સમયગાળા દરમ્યાનની નોકરી બદલ પેન્શન, બોનસ, એલ.ટી.સી, એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી, કે તેવો અન્ય નાણાંકીય લાભો મળવાપાત્ર થશે નહી.
7. કરારના સમયગાળા દરમ્યાન અવસાનના કિસ્સામાં બજાવેલ ફરજના સમયગાળાની એકત્રીત લેણી રકમ કુટુંબીજનોને મળવાપાત્ર થશે. બીજા કોઇ નાણાંકીય લાભ, એક્ષ ગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષંગિક લાભ મળવાપાત્ર થશે નહી.
8. કાયદા સલાહકારને સરકારી કામે પ્રવાસ પર જવાનું થાય તો સરકારશ્રીના વર્તમાન ધોરણો મુજબ મુસાફરી ભથ્થુ અને દૈનિક ભથ્થુ મળવાપાત્ર રહેશે.
9. વ્યવસાયવેરાની કપાત નિયમોનુસાર ફિક્સ પગારમાંથી કરવામાં આવશે.
10. કાયદા સલાહકારને ૧૧ (અગિયાર) પરચુરણ રજા મળવાપાત્ર થશે, તે સિવાય અન્ય કોઇ રજા મળવાપાત્ર થશે નહી. તે સિવાયની કોઇ રજા ભોગવવામાં આવે તો તે રજાના દિવસના પગારની કપાત નિયમોનુસાર કરવામાં આવશે.
11. કાયદા સલાહકારને કાર્યમથક પર રહેઠાણ રાખવાનુ ફરજીયાત રહેશે. અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર કાર્યમથક છોડી શકશે નહી. ( કાયદા સલાહકાર સરકારી કામ માટે ચોવીસ કલાક બંધાયેલા હોવાથી તેમની સેવાની જરૂર પડે ત્યારે અચુક હાજર થવાનું રહેશે)
12. કાયદા સલાહકારએ પોતાના ઇ-મેઇલ તથા મોબાઇલ નંબર જિલ્લા પંચાયતના નોડલ ઓફીસર, મોનીટરીંગ શાખાને પુરા પાડવાના રહેશે.
13. કાયદા સલાહકારએ જિલ્લા વિકાસ અધિકારી નક્કી કરે તે કચેરી ખાતે ફરજો બજાવવાની રહેશે.
14. કરાર આધારીત નિમણુંક હોઇ કાયદા સલાહકારને સરકારી મહેકમ ઉપર સમાવેશ થવા માટેનો કોઇ હક્ક રહેશે નહી.
15. પસંદગી સમિતિ કામગીરીની દર માસે સમીક્ષા કરશે, અને આ સેવાઓ અસંતોષકારક જણાશે તો એક માસની નોટીસ આપી સેવાઓનો અંત લાવી શકશે.
16. કાયદા સલાહકારને ગુજરાત સિવિલ સર્વિસિસ (કન્ડક્ટ) રૂલ્સ-૧૯૭૧ માં ઠરાવેલ બાબતો બંધનકર્તા રહેશે. અને તેનું ભંગ થયેથી કરારનો સમય કોઇપણ જાતની કાર્યવાહી કર્યા વગર જિલ્લા પંચાયત સમાપ્ત કરી શકાશે.
17. કરારના સમયગાળા દરમિયાન અન્ય જે કોઇ અગત્યની માહિતી સંબધિત કાયદા સલાહકારને ધ્યાનમાં કે જાણમાં આવે તે માહિતી કાયદા સલાહકાર ખુલ્લી કરશે નહી, પ્રગટ કરશે નહી, કે જાહેર કરશે નહી. પોતે જે માહિતી પ્રાપ્ત કરે તે અંગે કાયદા સલાહકારએ ગુપ્તતા જાળવવાની રહેશે.
18. કરાર આધારીત નિમણુંક માટે ઉપર મુજબની કરારની શરતો અને બોલીઓ ઉપરાંત સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઇ જરૂરી શરતો નક્કી થાય તે નિમણુંક પામનાર કાયદા સલાહકારને બંધનકર્તા રહેશે.

કાયદા સલાહકારની ફરજો/કામગીરી બાબત

1. કાયદાકીય બાબતો અંગે સરકાર પક્ષે સરકાર વતી નામ.કોર્ટમાં બચાવ માટે સીધે સીધી રજુઆત માટે ઉપસ્થિત રહેવા થશે નહી. પરંતુ સરકારના સંબધિત સરકારી વકીલ તથા પેનલ વકીલને કેસની બ્રીફ સાથે કેસની વિગતોથી અવગ કરાવવાના રહેશે તથા કાયદાકીય બાબતો અંગે જિલ્લા પંચાયત કચેરીના સંબધિત પેનલ વકીલશ્રી સાથે તથા જિલ્લ વિકાસ અધિકારીશ્રીના નિયંત્રણ હેઠળ કામગીરી બજાવવાની રહેશે.
2. કાયદા સલાહકારએ જિલ્લા પંચાયત કચેરી કક્ષાએ કેસોના મોનીટરીંગ, સુપરવીઝન, સંકલન અને કેસની બ્રીફ તૈયા કરવાની કામગીરી કરવાની રહેશે. દર માસે કેટલા કોર્ટ કેસોનો નિકાલ થયો, તે પૈકી કેટલા કેસોમાં સરકાર પક્ષે તેમજ કેટલ કેસોમાં સરકાર વિરૂધ્ધ ચુકાદા આપ્યા તેની કોર્ટ / કેસવારની ચોક્કસ માહિતી જિલ્લા વિકાસ અધિકારીશ્રીને દર સપ્તા અચુક રજુ કરવાની રહેશે.
3. જિલ્લા પંચાયત કચેરીને સંબધિત લીગલ મેટર્સમાં જરૂરી સલાહ આપી, સરકારી વકીલશ્રી/પેનલ વકીલશ્રીને સહાયરૂ કેસની વિગતો સાથે બ્રીફ તૈયાર કરી જરૂરી કાયદાકીય સલાહ આપવી.
4. Law Officers (Appointment and Condition of service) and conduct of Legal affairs c Government rules-2009 ની મર્યાદામાં સરકારના કાયદા સલાહકાર (સરકારી વકીલ) ને યોગ્ય માહિતી સમયસર પુ પાડવાની રહેશે.
5. રીસર્ચ (સંશોધન) ની કામગીરી કરવાની રહેશે.
6. Statement of fact અને નોંધ તથા પેરાવાઈઝ રીમાર્કસ તૈયાર કરવા, દસ્તાવેજી પુરાવા/પુર્તતા કરી સંબધિ નામ.કોર્ટના સરકારી વકીલ/પેનલ વકીલશ્રીને પુરા પાડવાના રહેશે.
7. સરકાર વતી સમયસર એફીડેવીટ-ઈન-રીપ્લાય તૈયાર કરી સમયસર (Well in time) દાખલ કરવા અને તે મુજબ જ્યુડીશીયલ /ક્વોઝી જ્યુડીશીયલ કચેરીઓ/હાઈકોર્ટ-સુપ્રીમકોર્ટ સમક્ષ સરકારનું હિત-પક્ષ અસરકારક રીતે કોર્ટ સમક્ષ રજુ થાય અને સરકારનું હિત જળવાઇ રહે તે અંગે પુરતી કાળજી લેવાની રહેશે.
8. કાયદા સલાહકાર તરીકે નિમણુંક પામનારા એડવોકેટશ્રીએ નેશનલ લીટીગેશન પોલીસી અને સ્ટેટ લીટીગેશન પોલીસ અન્વયે રાજ્ય સરકાર વતી કે રાજ્ય સરકાર સામે દાખલ થયા હોય તેવા કેસોના મોનીટરીંગ અને પુરા કરાવવા મા નીચેની બાબતોને ધ્યાને રાખવાની રહેશે.

   Focusing on core issues involved in the litigation and addressing them squarely.

   Managing and conducting litigation in a cohesive, coordinated and time bound manner.

   Ensuring that correct facts and all relevant document will be placed before the court.

   Pending cases with the government as party to be reviewed on priority basis to enable quicl disposal.

   Propose monitoring and review mechanism to sensitize government in important cases anc avoid delay.
9. જિલ્લા પંચાયત કચેરીના કેસોની સંખ્યા, તેનું વર્ગીકરણ અને કયા સ્ટેજ પર કેસ છે તે અંગેની માહિતી એકઠી કરવાન રહેશે. તેનું ઓનલાઇન પોર્ટલ પર મોનીટરીંગ કરવાનું રહેશે.
10. કાયદા સલાહકારએ કોર્ટ મેટરનું http://iilms.gujarat.gov.in/ પોર્ટલ ઉપર સતત મોનીટરીંગ કરીને જિલ્લા પંચાયત કચેરી કક્ષાએ દાખલ થતાં કેસોની એન્ટ્રી સદરહું પોર્ટલ પર સમયસર થાય તે બાબત સુનિશ્ચિત કરવાની રહેશે.
11. કાયદા સલાહકારએ જિલ્લા પંચાયત કચેરીના નામ.હાઈકોર્ટ, સુપ્રીમ કોર્ટ, તેમજ અન્ય સબ ઓર્ડીનેટ કોર્ટ, ટ્રીબ્યુનલ્સ કે અન્ય ઓથોરીટી સમક્ષ જે કેસો ચાલતા હોય તેનું અપડેશન દરેક તબક્કે કરવાનું રહેશે. અને જે કોઇ હુકમ કે અંતિમ ચુકાદો આવે કે તે ચુકાદાથી જિલ્લા પંચાયત કચેરીના નોડલ અધિકારીને તથા જિલ્લા વિકાસ અધિકારીને લેખિતમાં વાકેફ કરવાના રહેશે.
12. કોર્ટમાં દરેક તારીખે જિલ્લા વિકાસ અધિકારીશ્રી તેમજ નોડલ અધિકારીશ્રી જણાવે તો તે કેસમાં હાજરી આપવાની રહેશે.
13. જિલ્લા પંચાયત કચેરીના કેસોમાં હુકમ કે વચગાળાના હુકમ સંબંધે જિલ્લા વિકાસ અધિકારીશ્રીને તેમજ નોડલ અધિકારીશ્રીને જાણ કરવાની રહેશે.